## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન

## School based Comprehensive Evaluation (SCE)

**પ્રસ્તાવના:**

- **સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકનની વાત કરતાં પહેલાં શિક્ષણના ધ્યેયો પર વિચાર કરવો અતિ જરૂરી છે. કેળવણી એ માનવીના સશક્તિકરણ (**Human Empowerment**) અને આંતરિક પ્રદીપ્તિકરણ (**Human Enlightenment**) ની પ્રક્રિયા છે.**

- **જેના દ્વારા માનવજીવન બહેતર (**Better**) તેમજ ઉન્નત (**Higher**) બનાવી શકાય છે. આ ઉપરાંત સર્વસામાન્ય એક હેતુ સર્વગ્રાહી વિકાસ પણ છે. સર્વગ્રાહી વિકાસ એટલે શારીરિક અને સ્વાસ્થ્ય વિકાસ, માનસિક વિકાસ, સામાજિક વિકાસ, નૈતિક વિકાસ અને સાંવેગિક વિકાસ.**

- **અત્યારે થતી મૂલ્યાંકન પ્રક્રિયામાં માત્ર પરીક્ષાલક્ષી તૈયારી તરફ વધારે ઝોક જોવા મળે છે. જેમાં બાળક, શિક્ષક, માતા–પિતા અને સમગ્ર સમાજ સામેલ થાય છે. પરીક્ષામાં જે બાળક સારા ગુણ, ટકા કે ગ્રેડ મેળવે તે હોશિયાર ગણાય.**

- **બાળકમાં રહેલાં વિશિષ્ટ કૌશલ્યો કે આવડતો જેવી કે વ્યાવહારિકતા, સારી કારીગરી, સારો ખેલાડી વગેરે જેવી બાબતો ઉપર કોઈ જ પ્રકારનું ધ્યાન આપવામાં આવતું નથી. છેવટે બાળક પાસે સારામાં સારી પદવી (ડિગ્રી) હશે. પરંતુ તેનામાં વ્યાવહારિક જ્ઞાન નહીં હોય પરિણામે શિક્ષણ થકી આદર્શ નાગરિક બનવાના બદલે યંત્રમાનવનું નિર્માણ થાય થશે.**

- 21**મી સદીમાં નવા જ્ઞાનનો સતત વિસ્ફોટ (**Incesant Explosion of knowledge**) થઈ રહ્યો છે. આજના નવા યુગમાં જ્ઞાનયુક્ત સમાજનો આવિર્ભાવ (**Emergence of a Knowledge Society**) થયો છે.**

- વીજળી વેગે વધતાં અને વારંવાર બદલાતા જતા જ્ઞાન–વિજ્ઞાનમાંથી નવી સંકલ્પનાઓ, નવી શબ્દાવલિ, નવાં ઉપકરણો, નવી વિચારસરણીઓ, નવી ડિઝાઈનો વગેરે ઉત્પન્ન થાય છે.

- જ્ઞાનયુગના આ નવા શિક્ષણ તેમજ મૂલ્યાંકનના હેતુ અંગે સૌએ સજાગ બની તેના વિનિયોગની માત્રા વધારવી પડશે. નવા યુગની આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને આપણી શિક્ષણ–પ્રશિક્ષણની પ્રવિધિઓમાં કેટલાક પાયાના ફેરફારો દાખલ કરવાં પડશે. જેમકે વૈયક્તિક અને સામૂહિક પ્રોજેક્ટે, કેસ સ્ટડી, વિવિધ ક્વિઝ, પ્રવૃત્તિઓ, શોધ પદ્ધતિઓ, ચર્ચા સભાઓ, વિવિધ પ્રકારની સ્પર્ધાઓ, વૈજ્ઞાનિક અને અન્ય પ્રયોગો, દૈનિક અખબારો અને સામયિકોનો ઉપયોગ, સ્થાનિક સંદર્ભ સાહિત્યનો ઉપયોગ, વિશ્વકોશ અને બાલવિશ્વકોશ જેવા સંદર્ભ ગ્રંથોનો ઉપયોગ, નાના રિપોર્ટ વગેરે બનાવીને વર્ગમાં ચર્ચા કરવા માટે રજૂ કરવાની પ્રવૃત્તિઓ વગેરેને નિયમિત રીતે કરવી પડશે.

- શાળા શિક્ષણ દરમિયાન આવી પ્રવિધિઓ તથા પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક, સર્જનાત્મક, ભાવાત્મક, મૂલ્યાત્મક તેમજ કૌશલ્યાત્મક વિકાસનું રચનાત્મક મૂલ્યાંકન સમયાંતરે કરતાં રહેવું પડશે.

- સમયાંતરે નિમાતાં શિક્ષણ પંચોમાં પણ મૂલ્યાંકન સંબંધિત વાતો થતી રહેલી છે.

- ઈ.સ. 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી પ્રક્રિયા છે. મૂલ્યાંકન એ વિદ્યાર્થીની સફળતા કે નિષ્ફળતા માટેનું પ્રમાણપત્ર નથી. પરંતુ તેની આવડત–કૌશલ્યને યોગ્ય દિશામાં આગળ વધારવા માટે છે.

- તેના માટે ખૂબ જ જરૂરી બાબત એ છે કે બાળકોનું સતત મૂલ્યાંકન કરવામાં આવે. ત્યારે ખ્યાલ આવે છે કે બાળકના વિકાસની ગતિ યોગ્ય છે કે નહીં ? તેને કેવા પ્રકારની મદદની આવશ્યકતા છે ? સતત અને સર્વગ્રાહી વિચારનો મુખ્ય આધાર પણ આ બાબત પર રહેલો છે.

- **આ ફેરફારોના પરિપ્રેક્ષ્યમાં શિક્ષકોની જવાબદારીઓ પણ બદલાશે. તેઓએ હવે માત્ર** Instructors **રહેવાને બદલે** Facilitators **અને** Co-ordinators **બનવું પડશે. સાથે સાથે તેઓએ** Co-learners **પણ બનવું પડશે.**

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનમાં સમાવિષ્ટ પારિભાષિક શબ્દોની સમજ

### રચનાત્મક મૂલ્યાંકન

- **સામાન્ય રીતે શિક્ષક વિદ્યાર્થીનું તાસના અંતે, એકમના અંતે, માસના અંતે કે સત્રના અંતે મૂલ્યાંકન કરે છે.**

- **હકીકતમાં શિક્ષા એ સતત ચાલતી પ્રક્રિયા છે. તે જ રીતે મૂલ્યાંકન પણ સતત ચાલતી પ્રક્રિયા છે. બાળક કે વિદ્યાર્થીનું માસ તાસ કે લેખિત પરીક્ષાનાં અંતે નહીં પરંતુ વિદ્યાર્થીની બધી પ્રવૃત્તિ, ક્ષમતા હતુ, આવડત કે કાશલ્યોનું સતર્કતાથી મૂલ્યાંકન કરવાનું હોય છે.**

- **બાળક સાથે થતા દરેક સંપર્કમાં બાળકનું અવલોકન અને નિરીક્ષણ કરવું તેને કેટલેક અંશે સતત મૂલ્યાંકન કરી શકાય. બાળક પ્રાર્થનાસભામાં ક્યા પ્રકારની રજૂઆત કરે છે ? રમતના મેદાનમાં કઈ રીતે વર્તે છે ? સહરાભ્રિક પ્રવૃત્તિઓ જેવી કે વિવિધ સ્પર્ધાનો, ક્વિઝ, ડિબેટ, નાટક, રમત અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં બાળકની સામેલગીરી કયા પ્રકારની છે " આ રીતે બાળકનું સતત મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે બાળકનું સારી રીતે મૂલ્યાંકન થઈ શકે.**

- **સતત મૂલ્યાંકનનો અર્થ એવો બિલકુલ નથી કે વિદ્યાર્થીનું સતત હરપળે – સંરક્ષણ મૂલ્યાંકન કરતાં રહેવું. પરંતુ વિદ્યાર્થીના મૂલ્યાંકનમાં સતર્કતા રહે અને અધ્યયન – અધ્યાપન પ્રક્રિયા દરમિયાન તેનું પ્રતિપોપણ મળે તેટલું થાય તો સતત મૂલ્યાંકન સાર્થક નીવડે.**

- આમ, શૈક્ષણિક અને શૈક્ષણિક બાબતોનું ઔપચારિક અને અનૌપચારિક એમ બંને રીતે મૂલ્યાંકનનો અર્થ સમાયેલો છે.

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન:

- શિક્ષણનો મુખ્ય હેતુ બાળકનો સર્વગ્રાહી (સર્વાંગીણ) વિકાસ કરવાનો છે.
- મૂલ્યાંકન દ્વારા આ હેતુની ચકાસણી થતી હોય છે.

- અહીં સર્વગ્રાહી એટલે વિદ્યાર્થીઓનાં વિકાસ સાથે સંકળાયેલ તમામ પાસાંઓ જેવાં કે બૌદ્ધિક, શારીરિક, સાંવેગિક, સામાજિક અને માનસિક, ટૂંકમાં સર્વગ્રાહી મૂલ્યાંકન એટલે શિક્ષણ સાથે સંકળાયેલાં તમામ પાસાંઓનું મૂલ્યાંકન કરવું.

- સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન સમય અને ધીરજ માગી લેતી પ્રક્રિયા છે. જે સવિકાસાત્મક મૂલ્યાંકન સાથે સંકળાયેલી છે. જો બાળકનું સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકન ધીરજ, કુનેહથી કરવામાં આવે તો બાળકનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવાની સરળતા રહે છે.

## શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના હેતુઓ :

**શાળાકીય સર્વગ્રાહી વિકાસાત્મક મૂલ્યાંકનના હેતુઓ આ પ્રમાણે છે.**

- વિવિધ વિષયોમાં નિશ્ચિત સમયે વિધ્યર્થીઓમાં થયેલ પ્રગતિની જાણકારી મેળવવી.
- વિદ્યાર્થીઓના વ્યવહારમાં થયેલ પરિવર્તનોની જાણકારી મેળવવી.
- વિદ્યાર્થીઓની વ્યક્તિગત અને વિશેષ જરૂરિયાતોની જાણકારી મેળવવી.
- વિવિધ શૈક્ષણિક પદ્ધતિ અને પ્રવૃત્તિઓના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓની શીખવાની તરાહ (pattern) માટેની યોજના તૈયાર કરવી.
- વિદ્યાર્થીઓનાં વિશિષ્ટ કૌશલ્યોની ઓળખ કરી તેના મહત્તમ વિકાસ માટે તેને પ્રોત્સાહિત કરવો.
- વિદ્યાર્થીઓના વિકાસની સ્થિતિની ચકાસણી કરી તેને વાલી સમક્ષ રજૂ કરવી.
- વિદ્યાર્થીઓને પરીક્ષાના ડરથી દૂર કરી સ્વ–મૂલ્યાંકન માટે પ્રોત્સાહિત કરવા

- દરેક વિદ્યાર્થીની શીખવાની શક્તિ અને તેની ગતિને ઓળખી તેને પ્રોત્સાહન મળે તે માટે તેને માર્ગદર્શન આપવું.
- વિદ્યાર્થીઓમાં ગોખણપટ્ટીને સ્થાને સર્જનાત્મકતાનો વિકાસ થાય તે માટે યોગ્ય આયોજન કરવું.
- શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન શા માટે ?
- શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની અગત્યતા આ પ્રમાણે છે.
- બાળકમાં માનસિક તણાવ ઘટાડવા માટે
- બાળકના વ્યક્તિત્વનાં સમગ્ર પાસાંઓની જાણકારી મેળવવા માટે
- શિક્ષક દ્વારા અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં સર્જનાત્મકતા લાવવા.
- શિક્ષક દ્વારા બાળકની અધ્યયન મુશ્કેલીઓનું નિદાન કરી ઉપચાર કરી શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે.
- બાળકોમાં ઉચ્ચકક્ષા સ્તરની સમજ તેમજ કૌશલ્યો વિકસાવવા માટે.
- 

**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની લાક્ષણિકતાઓ**

**શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે.**

- પરંપરાગત મૂલ્યાંકન પ્રક્રિયા (પરીક્ષા | કસોટી) કરતાં વધુ સાતત્યસભર અને સમગ્રતા ધરાવે છે.
- તેનું પ્રારંભિક ધ્યેય બાળકની અધ્યયન પ્રક્રિયાને વૈજ્ઞાનિક બનાવી વિકાસ સાધવાનો છે. ભવિષ્યના જવાબદાર નાગરિક તરીકે બાળકની જરૂરિયાતોનું ધ્યાન રાખે છે.
- બાળક, વાલી અને શિક્ષક વચ્ચેના સંગઠનને વધુ પારદર્શક અને ઉપયોગી બનાવવાનો વ્યાપ વધારે છે.